# વીર સંવત ૨૫૪૨, ભાદરવો વદ ૧; તા. ૧૭-૯-૨૦૧૬
# ક્ષમાવણી પર્વ-૨૦૧૬

## ૧. શ્રી સીમંધરનાથ સ્તુતિ

પૂર્વજ્ઞ છે ગણધરો પ્રભુપાદપદ્મે,
સર્વજ્ઞ કેવળી ઘણા પ્રભુના નિમિત્તે;
આત્મજ્ઞ સંતગણના હૃદયેશ સ્વામી,
સીમંધરા ! નમું તને શિર નામી નામી.

## શ્રી સીમંધરનાથ ભક્તિ

### સુગુણ સનેહા સ્વામી

સુગુણ સનેહા સ્વામી મહેલે પધારો,
વિનતડી અવધારો, કૃપાળુ સ્વામી મહેલે પધારો;
શેરીએ શેરીએ સ્વામી ફૂલડાં બિછાવું,
તોરણ નવીન રચાવું. કૃપાળુ૦ ૧

સમતાના સંગે એમ સ્વામીજી આવ્યા,
તત્ત્વ-રમણતામાં ફાવ્યા....કૃપાળુ૦ ૨

ગુણઠાણે ચોથે સ્વામીજી ચડિયા,
ભ્રાંતીના હાથ હેઠે પડિયા..કૃપાળુ૦ ૩

ભેદદૃષ્ટિ થઈ ભિન્નતા બોધી,
લીધું સત્ય જ ઘટ શોધી.....કૃપાળુ૦ ૪

ક્ષાયિકભાવે નિજ ઘરને તપાસી,
જ્ઞાનથી કીધું પ્રકાશી......કૃપાળુ૦ ૫

ક્ષપકશ્રેણિએ મહેલે ચડંતા,
ક્ષાયિકલબ્ધિ વરંતા.....કૃપાળુ૦ ૬

શક્તિ વ્યક્તિ ઘટ અન્તર જાગી,
સુખ વિલસે મહાભાગી....કૃપાળુ૦ ૭

પુદ્‌ગલ સંગ નિવારી સ્વઠામે,
તન્મય રૂપ શુદ્ધ પામે.....કૃપાળુ૦ ૮

આતમ-નર નારી-સમતા સંયોગ,
ભોગવે શાશ્વત ભોગ.....કૃપાળુ૦ ૯

મળિયો સમય લેખે એમ જ આવે,
જિનસેવક શિવદાવે.....કૃપાળુ૦ ૧૦

# ૨. શ્રી શાંતિનાથ સ્તુતિ

જાણ્યા જાયે શિશુ સકળનાં લક્ષણો પારણાથી,
શાંતિ કીધી પણ પ્રભુ તમે સર્વ આ લોકમાંહી;
ષટ્ ખંડો ને નવ નિધિ તથા ચૌદ રત્નો તજીને,
પામ્યા છો જે પરમ પદને આપજો તે અમોને.

# શ્રી શાંતિનાથ ભક્તિ

नाथ तुम्हारी पूजा में सब, स्वाहा करने में आया-2 ।
तुम ही जैसा बन जाने को, शरण तुम्हारी मैं आया ।।
नाथ तुम्हारी पूजा में सब, स्वाहा करने में आया ।।टेक।।

पंचेन्द्रिय का लक्ष्य करूँ मैं, इस अग्नि में ये स्वाहा-2 ।
इन्द्र नरेन्द्रों के वैभव की, चाह करूँ मैं ये स्वाहा-2 ।।
तेरी साक्षी से अनुपम मैं, यज्ञ रचाने मैं आया,
नाथ........................।।1।।

जग की मान प्रतिष्ठा को भी, करना मुझको ये स्वाहा-2 ।
मूल्य नहीं इस मन्द भाव का, व्रत तप आदि ये स्वाहा-2 ।।
वीतराग के पथ चलने का, ये प्रण लेकर मैं आया,
नाथ........................।।2।।

जग के सारे अपशब्दों को, करना मुझको ये स्वाहा-2 ।
पर लक्षी सब ही वृत्ति को, करना मुझको ये स्वाहा-2 ।।
अक्षय निरंकुश पद पाने और, पुण्य लुटाने मैं आया,
नाथ........................।।3।।

तुम हो पूज्य पुजारी मैं यह, भेद करूँगा ये स्वाहा-2 ।
बस अभेद में तन्मय होना, और सभी कुछ ये स्वाहा-2 ।।
अब पामर भगवान बने यह, सीख सीखने मैं आया,
नाथ........................।।4।।

## ૩. શ્રી મહાવીર પ્રભુ સ્તુતિ

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલનભે ભાનુ સમા છો વિભુ,
મારા ચિત્તચકોરને જિન તમે છો પૂર્ણ ચંદ્ર પ્રભુ;
પામ્યો છું પશુતા તજી સુરપણું હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીરદેવ મુજને પાપી મહા કર્મથી.

## શ્રી મહાવીર પ્રભુ ભક્તિ

આવો આવો હે વીરસ્વામી મારા અંતરમાં....
અષાઢ શુક્લા છઠ્ઠી દિને, ઉજાળી કૂંખ ત્રિશલા માત,
છપ્પન કુમારીકા સેવા કરે, થાયે તત્ત્વની વાત......આવો0

ત્રિશલાનંદન મહાવીર પ્રભુજી, તારક જગના નાથ,
સિદ્ધારથના લાડીલા તમે, જનમ્યા કુંડલપુર ધામ....આવો0

ચૈત્ર સુદ તેરસને દિવસે, થઈ આ ભૂમિ પાવન,
દેવોએ આવી મહોત્સવ કરીયો, ઘર ઘર જયજયકાર.....આવો0

ત્રીસ વર્ષની કુમાર વયે, જાગ્યો અંતર વૈરાગ્ય,
મુનિપદ ધારી સન્મતિદેવે, કર્યો આતમરસ પાન.....આવો0

બાર વર્ષ ધ્યાનધારા ધખાવી, આવ્યા ઋજુવાલિકા,
ક્ષપકશ્રેણી પર આરૂઢ થઈને, પામ્યા કેવળજ્ઞાન....આવો0

વિપુલાચલે દિવ્યધારા વહાવી, તાર્યા ભવ્ય અપાર,
ઇન્દ્રભૂતિ વીરવાણી સુણીને, થયા ગૌતમ મહાન....આવો0

ત્રીસ વરસ વિહાર કરીને, પહોંચ્યા પાવાપુરી ધામ,
કાર્તિક અમાવસ મંગલ દિને, થયા સિદ્ધ ભગવાન....આવો0

**તુજ શાસનમાં વર્ધમાનજી, જાગ્યા કુંદ કહાન,**
**જ્ઞાનધારાને વહેતી રાખી, કર્યો પરમ ઉપકાર.....આવો0**

**જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા વીર પ્રભુનો,**
**જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા કુંદકુંદદેવનો,**
**જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા કહાનગુરુનો,**
**જય જય થાઓ, જય જય થાઓ, વ્હાલા ભગવતી માતનો,**
**ભક્તો સહુ સંગ સાથે મળીને, કરીએ વંદન હજાર.....આવો0**

## ૪. શ્રી સૂર્યકીર્તિનાથ સ્તુતિ

દેખી મૂર્તિ સૂર્યકીર્તિ જિનની નેત્ર મારાં ઠરે છે,
ને હૈયું આ ફરી ફરી પ્રભુ ધ્યાન તેનું ધરે છે;
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે

# શ્રી સૂર્યકીર્તિનાથ ભક્તિ

## प्रभु तोरी अब ही महिमा

(आशावरी–राग)

प्रभु तोरी अब ही महिमा जानी; प्रभु तोरी० टेक०
अबलों मोहमहामद पिय मैं, तुमरी सुध विसरानी;
भागजोग तुम शांति छबी लखि, जडतानींद बिलानी। प्रभु० १

जग-विजयी दुखदाय रागरुष, तुम तिनकी थिति भानी;
शांतिसुधासागर गुनआगर, परम विराग विज्ञानी। प्रभु० २

समवसरन अतिशय कमलाजुत, पै निरग्रंथ निदानी;
कोह विना दुठ मोह विदारक, त्रिभुवनपूज्य अमानी। प्रभु० ३

अेकस्वरुप सकलज्ञेयाकृत, जगउदास जगज्ञानी;
शत्रुमित्र सबमैं तुम सम हो, जो दुखसुखफलथानी। प्रभु० ४

परम ब्रह्मचारी ह्वै प्यारी, तुम हेरी शिवरानी;
ह्वै कृतकृत्य तदपि तुम शिवमग, उपदेशक-अगवानी। प्रभु० ५

भई कृपा तुमरी तुममैं यह, भक्ति सु मुक्तिनिशानी;
ह्वै दयाल अब देहु दौलको, जो तुमने कृति ठानी। प्रभु० ६

# ૫. શ્રી બાહુબલી મુનિરાજ સ્તુતિ

અર્હન્તો ભગવંત ઇંદ્રમહિતાઃ સિદ્ધાશ્ચ સિદ્ધીશ્વરાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરાઃ પૂજ્યા ઉપાધ્યાયકાઃ;
શ્રી સિદ્ધાન્તસુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિનઃ પ્રતિદિનં કુર્વન્તુ વો મંગલમ્.

## શ્રી બાહુબલી મુનિરાજ ભક્તિ

**બાહુબલી છે આનંદકારી....**
**આનંદકારી ને મંગલકારી;**
**મંગલકારી ને કલ્યાણકારી;**
**કલ્યાણકારી ને ઉત્તમકારી;**
**ઉત્તમકારી ને આનંદકારી.....૧.**

**બાહુબલી સદા અમ આંગણે બીરાજો,**
**આત્મધ્યાનની પ્રેરણા આપો;**
**સુનંદાનંદન જય જય હોજો,**
**ઉપાસનાનું સ્મરણ કરાવો,....૨.**
**આરાધનાની વિધિ બતાવો....૨.**

**વન જંગલમાં આપ વિચરતા,**
**ઉપસર્ગોને સહેજે જીતતા;**
**પરિષહથી જરા ન ડગતા,**
**કૃપા કરી અમને પાવન કરો....૩.**

**ધ્યાનમાં તુજને વેલડીઓ વિંટાણી,**
**છતાં અડગ ધ્યાનમાં ઊભા;**
**ધન્ય ધન્ય અચલ મુદ્રાધારી,**
**ચરણકમળમાં કરીએ વંદન....૪.**

## ૬. શ્રી જિનવાણી સ્તુતિ

**ॐકાર બિન્દુસંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિન:;**
**કામદં મોક્ષદં ચૈવ, ॐકારાય નમો નમ:**

## શ્રી જિનવાણી ભક્તિ

તીર્થંકર પ્રભુકી દિવ્યધ્વનિ, જિનવાણી મા શત શત વંદન;
હે દ્વાદશાંગ અમૃતવાણી, મેટો જગકા સારા ક્રંદન.... તીર્થંકર....

મિથ્યાત્વ મહા વૈરી જગકા, જિસને ભવભ્રમણ કરાયા હૈ;
મમતાકે ઝૂઠે સપનોંને, દુ:ખોંકા જાલ બિછાયા હૈ;
ઈસ મિથ્યા ભ્રમકા નાશ કરો, સારા જગ કરતાં અભિવંદન.... તીર્થંકર....૧.

વિષયોંકી ભીષણ જ્વાલામેં, દુનિયા કે પ્રાણી ઝૂલસ રહે;
અપનેકો કભી ના પહિચાના, માયા કે જાલમેં ઉલઝ રહે;
અબ શરણ તુમ્હારી આયે હૈ, મેટો હમ સબકા ભવબંધન.... તીર્થંકર....૨.

## ૭. શ્રી કુંદકુંદાચાર્ય સ્તુતિ

આ ક્ષેત્રના ચરમ જિન તણા સુપુત્ર,
વિદેહના પ્રથમ જિન તણા સુભક્ત;
ભવમાં ભૂલેલ ભવિ જીવ તણા સુમિત્ર,
વંદું તને ફરી ફરી મુનિ કુંદકુંદ.

## શ્રી કુંદકુંદાચાર્ય ભક્તિ

કુંદકુંદ તેરી કૃપાસે, ગ્રંથાધિરાજ મિલા હૈ;
મુનિવર તેરી કૃપાસે, સમયસાર મુજે મિલા હૈ....

પામર નહીં પ્રભુ મૈં હૂં, યહ બાત સુનાઇ;
સમશ્રેણી મેં બિરાજુ, યહ ભાવના જગાઈ;
હે એલાચાર્ય ! મુજ પર, તેરા પરમ ઉપકાર હૈ.... કુંદકુંદ....૧.

અરહંતોકો મૈં જાનૂં, ધ્રુવ અચલ કો મૈં ધ્યાવું;
સબ સિદ્ધોંકો નમન કર, અનુપમ ગતિ કો પાઉં;

હે પદ્મનંદી ગુરુવર ! તૂને કિયા કમાલ હૈ.... કુંદકુંદ....૨.

દંસણ મૂલો ધમ્મો, દર્શન સહજ કો પાઉં;
વત્થુ સહાવો ધમ્મો, નિજ જ્ઞાનસૂર્ય કો પ્રગટાઉં;
ચારિત્તં ખલુ ધમ્મો, સમ્યક્ચરિત્ર કો ધારું;
હે વક્રગ્રીવાચાર્ય ! તુમ્હે કોટી કોટી પ્રણામ હૈ.... કુંદકુંદ....૩.

સાક્ષાત્ શ્રી સીમંધરકી, ધ્વનિ હૈ જિનને પાઇ;
લીપીબદ્ધ જો કી વાણી, જનજનકે મન સમાઈ;
હે ગૃદ્ધપીચ્છ ઋષિવર ! તુમ્હે વંદના સત્ વાર હૈ.... કુંદકુંદ....૪.

## ૮. શ્રી ગુરુદેવ સ્તુતિ

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

## શ્રી ગુરુદેવ ભક્તિ

ગુરુ અમારા અણમોલા છે, જગમાં જડે નહીં જોડ રે;
કરુણા નિધાન.... કરુણા નિધાન....

સીમંધરપ્રભુના લાડકવાયા, સીમંધર વારસદાર;
દિવ્યધ્વનિનો ધોધ વહાવી, કર્યા જયજયકાર;
કરુણામૂર્તિ કરુણા સાગર (૨), વંદન વારંવાર રે.... કરુણા નિધાન....૧.

ભગવાન કહીને સહુને બોલાવે, પામરતા છોડાવે;
ગુણ અમારા પાવન ગુરુના, કહેતા પાર ન આવે;
ગુણીયલ ગુરુના ચરણકમળમાં (૨), કોટી કોટી પ્રણામ રે.... કરુણા નિધાન....૨.

**જૈનધર્મના રક્ષણહારા, શાસનના સમ્રાટ;**
**ભવ્ય જીવોના તારણહારા, ભાવિના ભગવાન;**
**સૂર્યકીર્તિનાથ પ્રભુને (૨), ભક્તિભાવે પ્રણામ રે.... કરુણા નિધાન....૩.**

**વરસાવી નિજ અનુભવ વાણી, આપ્યું અલૌકિક ભાન;**
**ગુરુવાણીનું મનન કરી હું, પામું આતમ જ્ઞાન;**
**રત્નત્રયને હું આરાધું (૨), પામું કેવળજ્ઞાન રે.... કરુણા નિધાન....૪.**

# ગુરુદેવની ક્ષમાપના સ્તુતિ

[ઉત્તમ ક્ષમાવાણી—પર્વ : ભાદરવા વદ ૧]

ગુરુદેવ! તારાં ચરણમાં ફરી ફરી કરું હું વંદના,
સ્થાપી અનંતાનંત તુજ ઉપકાર મારા હૃદયમાં. ૧.

કરીને કૃપાદૃષ્ટિ, પ્રભુ! નિત રાખજો તુમ ચરણમાં,
રે! ધન્ય છે એ જીવન જે વીતે શીતળ તુજ છાંયમાં. ૨.

ગુરુદેવ! અવિનય કંઈ થયો, અપરાધ કંઈ પણ જે થયા,
કરજો ક્ષમા અમ બાળને, એ દીનભાવે યાચના. ૩.

મન-વચન-કાય થકી થયા જાણ્યે-અજાણ્યે દોષ જે,
કરજો ક્ષમા સૌ દોષની, હે નાથ! વિનવું આપને. ૪.

તારી ચરણસેવા થકી સૌ દોષ સહેજે જાય છે,
ક્રોધાદિ ભાવ દૂરે થઈ ભાવો ક્ષમાદિક થાય છે. ૫.

ગુરુવર! નમું હું આપને, અમ જીવનના આધારને,
વૈરાગ્યપૂરિત જ્ઞાન-અમૃત સીંચનારા મેઘને. ૬.

મિથ્યાત્વભાવે મૂઢ થઈ નિજતત્ત્વ નહિ જાણ્યું અરે!
આપી ક્ષમા એ દોષની આ પરિભ્રમણ ટાળો હવે. ૭.

સમ્યક્ત્વ-આદિક ધર્મ પામું, તુંજ ચરણ-આશ્રય વડે;
જય જય થજો પ્રભુ! આપનો, સૌ ભક્ત શાસનના ચહે. ૮.

## ૯. શ્રી ભગવતીમાતા સ્તુતિ

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું,
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી.
સીમંધર - ગણધર - સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન - ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા ! હાથ ગ્રહો.

## શ્રી ભગવતીમાતા ભક્તિ

### मां तेजकी दुलारी

मां तेजकी दुलारी तेरा धन्य अवतार,
गुरु कहानकी हे भक्त तुने कर दिया कमाल
जय जय हो मेरी भगवती मात....
जय जय हो मेरी भगवती मात....

बचपनसे ही तु बन गई वैराग्यकी मूर्ति (२)
संसारकी हर बातसे तोडी तूने प्रीति,
भरतका विषम काल तूने कर दिया सुकाल....
पुरुषार्थसे ही पा लिया निज आत्माका ज्ञान
गुरु कहानकी हे भक्त तुने कर दिया कमाल....जय जय० ॥१॥

विदेहसे तु आई मीठी यादको लेके, (२)
सीमंधर-कुंद-कहानकी महिमाको धारके
जब ध्यानमें लगी तो हुआ स्पष्ट वो चितार
गुरु कहानकी हे भक्त तुने कर दिया कमाल....जय जय० ॥२॥

गुरु कहानने जिनागमोंके मर्मको खोला (२)
हे मात तुने कहानसूत्र(वाणी) हार्दको खोला
वर्तमानमें ही कर रही (गई) तू गणधरका काम
गुरु कहानकी हे भक्त तुने कर दिया कमाल....जय जय० ॥३॥

सब भक्तवृंद है तेरे दर्शनका ही प्यासा
तेरे बिना किसीको नहीं अब है सुहाता
हम गिरते हुए बालकोंको, तुने लिया थाम,
गुरु कहानकी हे भक्त तुने कर दिया कमाल....जय जय० ॥४॥

## ૧૦. શ્રી સર્વ જ્ઞાનીઓની ભક્તિ

### ચિન્મૂરત દગધારી

ચિન્મૂરત દગધારીકી મોહિ, રીતિ લગત હૈ અટાપટી....ટેક.

બાહિર નારકી-કૃત દુઃખ ભોગૈ, અન્તર સુખરસ ગટાગટી,
રમત અનેક સુરનિ સંગ પૈ તિસ, પરનતિતૈં નિત હટાહટી....૧

જ્ઞાનવિરાગ શક્તિતૈં વિધિફલ, ભોગત પૈ વિધિ ઘટાઘટી,
સદનનિવાસી તદપિ ઉદાસી, તાતૈં આસ્રવ છટાછટી....૨

જે ભવહેતુ અબુધકે તે તસ, કરત બન્ધકી ઝટાઝટી,
નારક પશુ તિય ષંઢ વિકલત્રય, પ્રકૃતિનકી હ્વૈ કટાકટી....૩

સંયમ ધર ન સકે પૈ સંયમ, ધારણ કી ઉર ચટાચટી,
તાસુ સુયશ ગુણકી 'દૌલત' કે, લગી રહૈ નિત રટારટી....૪

## ૧૧. શક્તિની ભક્તિ

મારી જીવત્વ પરિણતિ મને જીવતો રાખે, ભાવપ્રાણને ધારે....હાં.... ભાવપ્રાણને ધારે....
મારી ચેતન પરિણતિ નિજને ચેતે, મહા મહોત્સવ રચાવો....હાં મહા મહોત્સવ રચાવો....
મારી જ્ઞાન પરિણતિ આતમ જાણે, ઉત્સવ આજ મનાવો....હાં....
મારી સુખ પરિણતિ અનાકુળતા આપે, ભવદુ:ખ છૂટી જાવો....હાં....
મારી શ્રદ્ધા પરિણતિ જ્ઞાયક શ્રદ્ધે, મંગલનાદ કરાવો...હાં....
મારી ચારિત્ર પરિણતિ આતમ ધ્યાવે, જયજયકાર ગજાવો....હાં....
મારી વૈરાગ્ય પરિણતિ નિજઘર આવે, નૃત્યગાન કરાવો....હાં....
મારી વીર્ય પરિણતિ સ્વરૂપ રચે, આનંદે સહુ નાચો....હાં....
મારી પ્રભુતા પરિણતિ પામરતા છોડે, પરમાત્મા થઈ જાવો....હાં....
મારી વિભુ પરિણતિ સ્વભાવે વ્યાપે, પરમ વિભુ થઈ જાઓ....હાં....
મારી સર્વજ્ઞ પરિણતિ લોકાલોક જાણે, આત્મજ્ઞાન ન છૂટે....હાં....

મારી સ્વચ્છ પરિણતિમાં વિશ્વ પ્રકાશે, નિર્મળતાને પામો....હાં....
મારી પ્રકાશ પરિણતિ નિજને વેદે, પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટો....હાં....
અસંકુચિત પરિણતિ ઓછપ ન રાખે, બેહદરૂપ પરિણમો....હાં....
અકાર્યકારણ પરિણતિ કોઈથી ન થાય, કરે ન કોઈનું કાંઈ....હાં....
ત્યાગ ઉપાદાન શૂન્યત્વ પરિણતિ, પૂર્ણતા બતાવે હાં....અપૂર્ણતાને હવે ભૂલો....
મારી અગુરુલઘુ પરિણતિ હાનિવૃદ્ધિ થાય, છતાં વધઘટ ન થાય....હાં....
ઉત્પાદવ્યયધ્રુવત્વ પરિણતિ, ક્રમ અક્રમ બતાવે, હાં.... બહાર ક્યાંય ન જાઓ....
મારી પરિણામ પરિણતિ અસ્તિત્વ બતાવે, બીજે લક્ષ ન કરો....હાં....
મારી અકર્તા પરિણતિ રાગ ન કરે, અકર્તા થઈ જાઓ....હાં....
મારી અભોક્તા પરિણતિ દુ:ખ ન વેદે, આકુળતાને છોડો....હાં....
મારી નિષ્કંપ પરિણતિ કંપન મિટાવે, અયોગી થઈ જાઓ....હાં....
અનંતધર્મત્વ પરિણતિ ભંડાર બતાવે, પામરતાને ટાળે....હાં....
તત્ત્વ પરિણતિ મુજને નિજરૂપે રાખે, અન્ય વિકલ્પ મટાડે....હાં....
અતત્ત્વ પરિણતિ અન્યરૂપ ન થવા દે, એકત્વબુદ્ધિ છોડાવે....હાં....
ભાવ પરિણતિ શુદ્ધદશા બતાવે, કર્તાનો વિકલ્પ છૂટે....હાં....
અભાવ પરિણતિ અશુદ્ધ અભાવ બતાવે, છોડવાનો ભાવ છોડો....હાં....
ભાવ-અભાવ પરિણતિ અપૂર્ણતા છોડાવે, આનંદમંગલ મનાવો....હાં....
અભાવ-ભાવ પરિણતિ શુદ્ધિ વધારે, મંગલ ઉત્સવ ઉજવો....હાં....
ભાવ-ભાવ પરિણતિ નિત્ય પૂર્ણતા બતાવે, સાધ્યસિદ્ધપદ પામો....હાં....
અભાવ-અભાવ પરિણતિ સદા મલિનતા રહિત, આરાધ્ય થઈ જાઓ....હાં....

## ૧૨. આરાધના પર્વ....

આરાધના પર્વ ભક્તો ઉજવે, પાર્લાપુરી મોઝાર,
હે મુનિવર ! તુજ ચરણકમળમાં, વંદન વારંવાર....

મંગળ અવસર ગુરુજી પ્રતાપે, પાર્લાપુરીમાં આજ;
ભાગ્ય ખીલ્યા છે ભવ્યતણા, તમે છો સાચા સુકાન....૧.

ઉત્તમ ક્ષમા ધર્મના ધારી, અહો ! મહા મુનિરાજ;
ચૈતન્યરસમાં લીન ગુરુવર, રહિત માન કષાય....૨.

ધન્ય ધન્ય હે મહામુનિરાયા, આર્જવ ધર્મ ધરનાર;
સત્યધર્મમાં ઝૂલતા મુનિવર, દર્શન દ્યો સુખકાર....૩.

શૌચધર્મની પવિત્રતા થઇ, નિજ આતમ માંય;
સંયમ કેરી અખંડધારા, વર્તે નિત્ય સદાય....૪.

ઇચ્છા રહિત તપના ધારક, છૂટ્યો છે સંસાર;
ત્યાગમૂર્તિ વીતરાગી સંત, રહીએ સદા તુજ પાસ....૫.

પરિગ્રહ રહિત આકિંચન્ય છો, અનંત ગુણ ભંડાર;
ઉત્તમ બ્રહ્મચર્યથી શોભિત, સાચા તારણહાર....૬.

વીતરાગી ધારા છે આપની, કદાપિ નહીં ફરનાર;
સુપાત્ર જીવને પ્રેરણા દેતી, ખોલે આતમ દ્વાર....૭.

આરાધનાની પૂર્ણતા કરવા, તારો છે અવતાર;
જય જય હોજો સિદ્ધપદ સાધક, મુનિવર સંત મહાન...૮.

## ૧૩. શ્રી કૃપાળુદેવ અને જ્ઞાની સ્તુતિ

[ सवैया ]

भेदविज्ञान जग्यौ जिन्हके घट,
सीतल चित भयौ जिम चंदन।
केलि करै सिव मारगमैं,
जग माहिं जिनेसुरके लघु नंदन।।
सत्यसरूप सदा जिन्हकै,
प्रगट्यौ अवदात मिथ्यातनिकंदन।
सांतदसा तिन्हकी पहिचानि,
करै कर जोरि बनारसि वंदन।। ६ ।।

[ सवैया एकतीसा ]

स्वारथके साचे परमारथके साचे चित,
साचे साचे बैन कहैं साचे जैनमती हैं।
काहूके विरुद्धि नाहि परजाय-बुद्धि नाहि,
आतमगवेषी न गृहस्थ हैं न जती हैं।।
सिद्धि रिद्धि वृद्धि दीसे घटमैं प्रगट सदा,
अंतरकी लच्छिसौं अजाची लच्छपती हैं।
दास भगवन्तके उदास रहैं जगतसौं,
सुखिया सदैव ऐसे जीव समकिती हैं।। ७।।

[ सवैया एकतीसा ]

जाकै घट प्रगट विवेक गणधरकौसौ,
हिरदै हरखि महामोहकौं हरतु है।
साचौ सुख मानै निजमहिमा अडौल जाने,
आपुहीमैं आपनौ सुभाउ ले धरतु हैं।।
जैसैं जल-कर्दम कतकफल भिन्न करै,
तैसैं जीव अजीव विलछनु करतु है।
आतम सकति साधै ग्यानकौ उदौ आराधै,
सोई समकिती भवसागर तरतु है।। ८।।

## १४. અનુભૂતિ-ભાવના...

**ચાલને ભાઈ એકવાર આત્મા મળવા જઈએ,**
**કરી એની ઓળખાણ હવે (૨), શુદ્ધ પ્રતીતિ કરીએ...ચાલને...૧.**

**ગુરુવર મારા રૂડાં ફરમાવે, લક્ષણથી જાણજે આતમા;**
**ચર્મચક્ષુ બંધ કરીને (૨), અંતરથી ઓળખજે આતમા...ચાલને...૨.**

**સંયોગથી જુદો સ્વભાવમય, દેખાય તે જાણ આતમા;**
**દેહથી ભિન્ન અરૂપી એવો (૨), સ્વરૂપવાન આ આતમા...ચાલને...૩.**

જગતથી દૂરે આનંદમાં મહાલતો, તે નિશાની આતમા;
જ્ઞાનવંત ને ધ્યાનવંત (૨), જણાય તે જ છે આતમા...ચાલને...૪.

ઇંદ્રિય-પ્રાણ ને રાગથી અછૂતો, ચેતનવંત તે આતમા;
નિજ વીર્યથી સ્વરૂપને રચતો (૨), પુરુષાર્થી તે આતમા...ચાલને...૫.

અખંડ પ્રતાપથી જે છે શોભતો, એવો પ્રભુ તે આતમા;
ન થાય મોટો ન થાય નાનો (૨), પૂરણ રૂપ તે આતમા...ચાલને...૬.

અનંતગુણનો સાગર એવો, ગુણીયલ નાથ તે આતમા;
અણગમતો ગુણ એકે ન ભાળું (૨), ચોક્કસ જાણું આ આતમા...
ભાઈ ! મને ગમ્યો છે આવો આ આતમા...૭.

ગુરુકૃપાએ પ્રીતિ લગાવું, અવસર ન ચૂકી જાઉં;
નાથ નિરંજન નિરખી નિરખી (૨), અંતરે નેહ અતિ લાઉં... ભાઈ ! મને...૮.

મહિમાવંતનો મહિમા લાવી, મુક્તિપુર પહોંચી જાઉં;
પૂર્ણાનંદના નાથને વરીને (૨), પરઘર કદી ન આવું... ભાઈ ! મને...૯.

ગમતામાં એકાકાર થઈને, શાશ્વતધામ બીરાજું; સ્વદેશમાં બીરાજું;
સદા આતમમાંહી બીરાજી (૨), ભવવનમાં ન ભટકું... ભાઈ ! મને...૧૦.
આનંદ મોજ મનાવું... ભાઈ ! મને...૧૦.

## ૧૫. ભાવના...

ચાલો રે સૌ સાધર્મી, મંગળ ભાવના કરીએ રે;
ગુરુરાજ પ્રતાપે, જીવન ઉજ્જવળ કરીએ રે....૧.

વહેલા પ્રભાતે ઉઠી, આત્મચિંતન કરીએ;
ઊંડી ઊંડી ચૈતન્યની, જિજ્ઞાસા કરીએ રે....૨.

દેવ-શાસ્ત્ર-ગુરુના, દર્શન-પૂજન કરીએ;
આતમદેવને, અંતરમાં ધરીએ રે....૩.
દેવ-ગુરુ-ધર્મની, મહિમા ધરીએ રે....૩.

મહા મોંઘેરા, ગુરુરાજ મળીયા;
ગુરુ ચરણે રહી, જીવન સફલ કરીએ રે....૪.

અનુપમ અદ્દ્ભુત, ગુરુવાણી સુણીએ;
સ્વાનુભૂતિના, પાત્ર જ બનીએ રે....૫.

ગુરુવાણી વિચારી, ઓગાળી અંતરમાં;
ગુરુમાર્ગે ચાલી, આત્મકલ્યાણ કરીએ રે....૬.

સાધર્મી સંગ દેખી, હૈડું મારું હરખે;
હળીમળી સહુ, નિજ હિત કરીએ રે....૭.

સાચું સગપણ ભાઈ ! સાધર્મી તણું;
દેવ-ગુરુ-ધર્મની, પ્રભાવના કરીએ રે....૮.
જ્ઞાયકભાવની, સાધના કરીએ રે....૮.
ચૈતન્યસ્વરૂપનું, સ્મરણ નિત કરીએ રે....૮.

## ૧૬. ભાવના...

મોક્ષપુરીના પથિક એવા મુમુક્ષુ વહેલા આવજો...
દેવગુરુના દર્શન કરીને, જૈન ધરમ શોભાવજો...
મનમંદિરમાંથી કચરો કાઢીને, ગુરુદેવ નામ દીપાવજો...
શાસ્ત્રનો સ્વાધ્યાય કરીને, ગુરુનું નામ શોભાવજો...
મિથ્યાત્વભાવનો નાશ કરીને, સમકિત પદને પામજો...

સ્વપરનું ભેદજ્ઞાન કરીને, આત્મકલ્યાણ કરજો...
આનંદરસનું પાન કરીને, ભવથી પાર ઉતરજો...
ચૈતન્યરસમાં રંગાઈ જઈને, આતમ ભાવના જગાવજો...
આતમ ભાવના ભાવતાં ભાવતાં, સ્વભાવમાં સ્થિર થાજો...
રાગ-દ્વેષનો ત્યાગ કરીને, સમતા ભાવ સોહાવજો...
મોહમહાતમ નાશ કરીને, આતમદેવ અજવાળજો...
જય જીનેન્દ્ર, જય જીનેન્દ્ર, કાલે વહેલા આવજો...
અમારા સહુને જય જીનેન્દ્ર, કાલે વહેલા આવજો...

**હે ક્ષમાધર્મ !** હું મિથ્યાત્વથી-અનંત ક્રોધથી ઘેરાયેલો છું, પીડિત છું. મને આ દુઃખથી મુક્ત કર....મારા ઉપર કૃપાદ્રષ્ટિ કર.... મને માફ કર....

**હે માર્દવધર્મ !** હું માનરૂપી મહેલમાં અભિમાનથી પહોળો થઈને ફર્યો. જે જે શરીરાદિ નવા-નવા સંયોગો પ્રાપ્ત થયા તેનું સન્માન-બહુમાન-અભિમાન કરીને સ્વભાવનું અપમાન કર્યું. હવે મને નિર્માનતાના વૈભવથી ભરપૂર સ્વમહેલમાં લઈ જા...

**હે આર્જવધર્મ !** હું શબ્દોમાં તો એમ કહું છું કે 'અત્યારે જ આ શરીરથી હું જુદો છું' છતાં પરિણમનમાં તો શરીર સાથે એકતાબુદ્ધિ પડી જ છે.—આવો હું માયાવી છું અને સ્વચ્છંદપણે વર્તી રહ્યો છું. હવે મને મારા સરળ, અતીન્દ્રિય, શાંતસ્વરૂપમાં લઈ જા....

**હે શૌચધર્મ !** ધન શરીર, પરિવાર વગેરે સાથે મૈત્રી કરીને—તેમાં મોહિત થઈને—તેમાં જ રત થયો અને લોભરોગથી પીડિત થઈને મલિન થયો. હવે મને પવિત્ર-નિર્મળ-શુદ્ધ-ઉજ્જવળ બનવાનો લાભ (-અવસર) આપ, લોભી થવાનો નહીં.

**હે સત્યધર્મ !** અનાદિથી માંડીને આજ સુધી જૂઠી (-નાશવાન) પરચીજમાં જ મારાપણું માન્યું છે. હવે મને ત્રિકાળી 'સત્'ના દર્શન કરાવ....

**હે સંયમધર્મ !** પાંચ ઇન્દ્રિયોના ફેલાવથી ઉત્પન્ન થયેલા રાગ-દ્વેષથી રંગાયેલા પરિણામથી બસ થાવ....બસ થાવ, પ્રમાદ છૂટી સમભાવ પ્રગટ થાય એ જ અભિલાષા છે.

**હે તપધર્મ !** મૂઢપણે, ઇચ્છાનો નિરોધ કરવાને બદલે ઇચ્છાને દબાવીને તેમજ શરીરને ક્ષીણ કરીને તપધર્મ કર્યાનું અભિમાન કર્યું છે. આજે જગતથી ગુપ્ત થઈને અનંત જ્ઞાનાનંદના દરિયામાં ડૂબકી મારી નિજ આત્માને દેદીપ્યમાન-શોભાયમાન કરું એ જ ભાવના...

**હે ત્યાગધર્મ !** રાગ-દ્વેષ કષાય સમયે-સમયે થાય છે ને જાય છે, પરંતુ તેનો ત્યાગ થતો નથી. કેમકે રાગાદિનું એકત્વ-સ્વામીત્વ-મમત્વ ક્યાં છૂટે છે? ખરેખર તો હીનબુદ્ધિથી પાપનો ત્યાગ કરીને અને પુણ્યને ગ્રહણ કરીને અર્થાત્ આસ્રવભાવનો પલટો કરીને ત્યાગધર્મ માન્યો છે. ત્યાગવાયોગ્ય વિભાવને પોતાના માની ગ્રહણ કર્યા છે અને ગ્રહણ કરવાયોગ્ય સ્વભાવનો દ્રષ્ટિમાંથી ત્યાગ કર્યો છે. આજે ત્યાગ-ગ્રહણ રહિત પૂર્ણ ચૈતન્યતત્ત્વનો આશ્રય લઈ ત્યાગ-ગ્રહણના વિકલ્પો છોડી રત્નત્રયને પ્રગટ કરું એ જ પ્રાર્થના છે.

**હે આકિંચન્યધર્મ !** કર્મોદયે સંયોગ સાથેનો એકક્ષેત્રાવગાહસંબંધ છૂટતાં મેં માન્યું કે આકિંચન્ય ધર્મ પ્રગટ થયો. પણ આ મૂરખ એટલું પણ શાંતભાવે વિચારતો નથી કે સંયોગ-પરિગ્રહ તો પુણ્ય-પાપનના ઉદયને આધીન છે. એ તો આવે ને જાય. જો તેનું દૂર થવું માત્ર ધર્મ હોય તો, મરણકાળે શરીર પણ છૂટી જાય છે. તો શું એ કાળે ધર્મ થાય છે? ના...ના...ના....બસ, આજે એટલું જ માગું છું કે મારા અનંત-અનંત ગુણરૂપી ધનનું-નિધાનનું-પરિગ્રહનું દાન દે...

**હે બ્રહ્મચર્યધર્મ!** પરદ્રવ્યનું સેવન-સંયોગ કરીને અબ્રહ્મસ્વરૂપ મિથ્યાત્વ-રાગાદિ પરિણામો વડે મૈથુનભાવથી મેં મારા આત્માને મલિન કર્યો છે, નિજ શીલસ્વભાવને કીચડ-કાદવ જેવો કર્યો છે. પણ હવે આજે પરમબ્રહ્મસ્વરૂપ શુદ્ધાત્મા જ મારું સ્વ છે અને હું તેનો સ્વામી છું એવા ભાવ વડે તેમાં સમાવી દે....લીન કરી દે...ગુપ્ત કરી દે...સ્થિર કરી દે.